## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



જો માડી... હમણાં મધર્સ ડે આવે છે... અત્યારના જમાનામાં રીવાજ છે... કે આ દિવસે તારે મને મોબાઈલ લઈ દેવો પડે... શું સમજી ?

# અમદાવાદ ખાતે ૧૦મીએ પ્રદેશ કોંગ્રેસ કારોબારી મળશે

### ચૂંટણીની રણનીતિ ઘડી કઢાશે

ગાંધીનગર, તા. ૭

ગુજરાત કોંગ્રેસની પ્રદેશ કારોબારી ૧૦મીના રોજ મળનાર છે. જેમાં આગામી ચૂંટણી અંગેની રણનીતિ ઘડી કાઢવામાં આવશે. પ્રદેશ કારોબારી બાદ સંગઠન માળખામાં કેટલાક ફેરફારો કરવામાં આવે તેવી શક્યતા છે.

પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ભરતસિંહ સોલંકીની અધ્યક્ષતામાં અને એઆઈસીસીના મહામંત્રી અને ગુજરાતના પ્રભારી અશોક ગેહલોત તેમજ વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાની ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે ૧૦મીએ પ્રદેશ કારોબારી બેઠક મળશે.

દિલ્હીમાં ૭મીના રોજ કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની ઉપસ્થિતિમાં ગુજરાત કોંગ્રેસના નેતાઓ સાથે એક મહત્વની બેઠક મળી હતી. જેમાં આગામી વિધાનસભા ચૂંટણી અંગે ચર્ચાઓ કરવામાં આવી હતી અને સંગઠનમાં ફેરફારો અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

કોંગ્રેસ ઉપાધ્યક્ષ સાથે યોજાયેલી બેઠક બાદ અમદાવાદમાં ૧૦મીએ મળનારી પ્રદેશ કોંગ્રેસ કારોબારી બેઠકમાં આગામી વિધાનસભા ચૂંટણી અંગે રણનીતિ ઘડીને ચૂંટણીલક્ષી કાર્યક્રમો ઘડી કાઢવામાં આવશે અને કાર્યક્રમો જાહેર કરવામાં આવશે.

પ્રદેશ કારોબારી બેઠક બાદ કોંગ્રેસે નેતાગીરી દ્વારા સંગઠન માળખામાં કેટલાક ફેરફારો કરવામાં આવશે તેમજ આગામી ચૂંટણીની તૈયારી માટે કેટલીક ચૂંટણી સમિતિઓની પણ જાહેરાત કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

# આદરજ મોટી ગામે ગાંધીનગર તાલુકા ક્ષત્રિય ઠાકોર સમાજનો નવમો સમૂહલગ્ન સમારોહ યોજાયો

ગાંધીનગર તાલુકા ક્ષત્રિય ઠાકોર સમાજના સમુહ લગ્ન સમિતિ આયોજિત નવમો સમુહલગ્ન સમારોહ તાલુકાના



આદરજ મોટી ગામે યોજાયો હતો. જેમાં સમાજના ૧૦૧ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા પાડયા હતા. નવદંપતિને સમાજના દાતાઓ તરફથી ભેટ સોગાદો આપવામાં આવી હતી. નવ દંપતિને આર્શીવાદ આપવા માટે વિધાનસભાના ઉપાધ્યક્ષશ્રી શંભુજી ઠાકોર, નટુજી ઠાકોર, બળદેવજી ઠાકોર (ધારાસભ્યશ્રી, કલોલ) સેંધાજી ઠાકોર (પૂર્વ તા.પં. પ્રમુખ), રામાજી ઠાકોર (પ્રમુખશ્રી ગાંધીનગર જિલ્લા પંચાયત) અરવિંદસિંહ સોલંકી (પ્રમુખશ્રી ગાંધીનગર તાલુકા ક્ષત્રિય ઠાકોર સમાજના સમુહ લગ્ન સમિતિ તથા કારોબારી અધ્યક્ષશ્રી ગાંધીનગર જિલ્લા પંચાયત), સી.જે. ચાવડા (પૂર્વ ધારાસભ્યશ્રી), સૂર્યસિંહ ડાભી (પ્રમુખશ્રી ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ) ડૉ. હિમાંશુભાઈ પટેલ (પ્રવકતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ) કાળુસિંહ રાઠોડ (પ્રમુખશ્રી તા.પં. ગાંધીનગર) શંકરસિંહ રાણા (ચેરમેન-મધુર ડેરી) તમામ મહાનુભાવોએ સમુહ લગ્નોત્સવમાં ૧૦૧ નવ દંપતિઓને એમના જીવનમાં સુખ શાંતિ અને સમૃદ્ધિ રહે એવા આર્શીવાદ આપી સમારંભને ખૂબ જ શોભાયમાન કર્યો હતો.

# અમદાવાદ ટ્રાફિક પોલીસની પાસે ખાસ સોફ્ટવેર સાથેના મોબાઈલ

અમદાવાદ, તા.૭

અમદાવાદ શહેર માટે ખુબ જટીલ બનતી જતી ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે શહેર ટ્રાફિક પોલીસને ૧૫૦૦ થી પણ વધુ ખાસ સોફટવેર સાથેના મોબાઈલ આપવામાં આવ્યા છે.આ મોબાઈલની મદદથી ફરજ પરના જવાન ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનાર વાહનચાલકનો ફોટો પાડી તરત જ સેન્ટ્રલ મોનિટરીંગ સ્ટેશન સુધી તેના મોબાઈલની મદદથી મોકલી આપશે.જેના આધારે તેને ઈ-મેમો મોકલવામાં આવશે.આ અંગે મળતી વિગતો અનુસાર,અમદાવાદ શહેરના મોટાભાગના તમામ વિસ્તારોમાં વધતા જતા વાહનો અને સાંકડા બનેલા રસ્તાઓને પરિણામે સવારથી લઈને મોડી રાત સુધી ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે.

● અનુસંધાન પાના - ૭ પર





## કચ્છ કડવા પાટીદાર સમાજનો રક્તદાન શિબિર યોજાયો

ગાંધીનગરના સેક્ટર-૧૨ ખાતેના ઉમિયા માતાજીના મંદિરે આજે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કચ્છ કડવા પાટીદારે સમાજ દ્વારા તેમના યુવાસંઘના નેજા હેઠળ રાષ્ટ્રવ્યાપી રક્તદાન શિબિરો આજે યોજાયા હતા. આ રક્તદાન શિબિરમાં મોટી સંખ્યામાં કચ્છ કડવા પાટીદાર સમાજના યુવાનો તથા અગ્રણી નાગરિકોએ ભાગ લઈ રક્તદાન કર્યુ હતુ. આ રક્તદાન શિબિરમાં મહિલાઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રક્તદાન કર્યુ હતુ. કચ્છ કડવા પાટીદાર સમાજના મહિલા સભ્ય મધુબેન વિષ્ણુભાઈ પટેલે આ રક્તદાન શિબિરમાં બીજીવાર અને જીવનમાં કુલ ૧૮મી વારનું રક્તદાન કરી અન્ય મહિલાઓ માટે પ્રેરણાત્મક ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

# વ્હાલસોયી દિકરીને થેલેસેમિયા મેજર હોવાનુ નિદાન થતા શ્રમજીવી પરિવાર પર વીજળી તુટી પડી

### કલોલના છુટક ડ્રાઈવીંગ કરતા હસમુખભાઈ ચૌહાણ અને કવિતાબેનની ચાર વર્ષની દિકરી પ્રાંજલની સારવાર ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ચાલી છે

**થેલેસેમિયા સ્પેશિયલ**
**સમીર રામી**

ગાંધીનગર, તા. ૭

આવતીકાલે તા. ૮મી મે એ વિશ્વ થેલેસેમિયા દિવસ છે. થેલેસેમિયા એક એવો રોગ છે જેનો કોઈ ઈલાજ નથી. થેલેસેમિયા મેજર વ્યક્તિનુ જીવન એક અંધારી ગર્તા જેવુ બની જાય છે જે ક્યારે ક્યાં તેનો જીવનદીપ બુજાવી દેશે તે કળી શકાતુ નથી. ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં મજુર હાઉસીંગની સામે આંબેડકરનગરમાં પ્રભુકૃપા ખાતે રહેતા હસમુખભાઈ ચૌહાણ અને તેમના ધર્મપત્નિ કવિતાબેન ચૌહાણની એકની એક ચાર વર્ષીય દિકરી પ્રાંજલને થેલેસેમિયા મેજર હોવાનું માલુમ પડતા આ શ્રમજીવી પરિવાર પર આફત તુટી પડી છે.

માત્ર ચાર જ વર્ષની અને જોતાં જ જેના પર વ્હાલ ઉભરાય તેવી આ બાળકીને નાનપણથી જ રમત રમતા પડી જાય, તેની આંખો પર સોજા આવી જાય અને તેનુ પેટ ફુલી જવાની તકલીફો સતાવી રહી હતી. અડોશી-પડોશી અને સગાસંબંધીઓ પણ તેવા મા-બાપને ડૉક્ટરને બતાવવાની સલાહ આપ્યાં કરતા હતા. આશરે ચારેક માસ પૂર્વે પ્રાંજલને ઉલ્ટીઓ થતા તેની તબિયત લથડી હતી અને તેને અમદાવાદની એક ખાનગી હોસ્પિટલમાં લઈ જવાતા તબીબે તે થેલેસેમિયા મેજર હોવાનુ નિદાન કર્યુ હતુ. આ સાથે તેમણે તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવા સલાહ આપી હતી. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે તેને લવાતા અહીં તેના ટેસ્ટ કરાયા હતા જેમાં તે થેલેસેમિયા મેજર હોવાનુ પુરવાર થયું હતું એટલે તેને ડાયાલીસીસ કરી નવુ લોહી ચઢાવવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જો કે આ સાથે પ્રાંજલને પેટમાં બરોડ વધવાની તકલીફપણાના થવાથી તેને ચઢાવેલ લોહી શરીરમાં લાંબો સમય ટકતુ નહોતુ અને તેને દર પંદર દિવસે ૧૨ થી ૧૩ બોટલ લોહીની જરૂર પડતી હતી. અંતે તેનુ ઓપરેશન કરી પેટમાંથી વધી ગયેલ બરોડને દૂર કરાઈ હતી અને જેના કારણે હવે તેને ૨૧ દિવસે ચાર બોટલ લોહી ચઢાવવુ પડે છે.



રમવા-કુદવાની ઉંમરે આ બાળકીને મહારોગના કારણે હવે ખૂબ સાચવવુ પડે છે.

વિધિની વક્રતા એવી છે કે પ્રાંજલના પિતા હસમુખભાઈ ચૌહાણ થોડા સમય પૂર્વે કલોલની ઈફકો કંપનીમાં કોન્ટ્રાક્ટ બેઝ પર ડ્રાઈવીંગનું કામ કરતા હતા પરંતુ ગત દિવાળીમાં અકસ્માત થવાને કારણે જમણા હાથે ત્રણેક ફ્રેક્ચર થવાથી નોકરી ગુમાવવી પડી છે. અકસ્માતે તેમને ત્રણ મહિનાનો ખાટલો આવ્યો અને આજીવિકા પણ છીનવી લીધી છે. અત્યારે છુટક ડ્રાઈવીંગનું કામ કરતા હસમુખભાઈ પર પ્રાંજલની સારવારનો ભાર પણ આવી પડતા જાણે દુ:ખનો પહાડ તુટી પડ્યો છે. પોતાની વ્હાલસોયી દિકરીને હવે આખી જીંદગી એ જીવે ત્યાં સુધી માત્ર ને માત્ર 'ડાયાલીસીસ' તથા ખર્ચાળ સારવારના સહારે જ રાખવાની છે તેવુ જાણવા છતાં માતા-પિતા બંને દિકરીનું પ્રેમથી જતન કરી સારવાર અપાવવા કટિબદ્ધ છે. શ્રમજીવી પરિવારના બેરોજગાર યુવાનને આ કફોડી પરિસ્થિતિમાં સરકાર તરફથી કઈ સહાય મળી શકે અને તેને માટે ક્યાં જઈને શું પ્રક્રિયા કરવી તે પણ ખબર નથી ત્યારે આ પરિસ્થિતિમાં કોઈ સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થા કે સરકારી તંત્ર તેમની વ્હારે ધાય તેની તેઓ મીટ માંડીને બેઠાં છે.

> "થેલેસેમિયા એ વંશ પરંપરાગત રીતે થતો રોગ છે જેનો કોઈ ઈલાજ નથી. થેલેસેમિયા માઈનોર હોવુ એ ચિંતાનું કારણ નથી પરંતુ બે થેલેસેમિયા માઈનોર વિજાતીય પાત્રોથી જન્મેલુ બાળક થેલેસેમિયા મેજર હોવાની શક્યતા ખૂબ વધુ છે તેથી સમાજમાં લગ્ન માટે જન્મ કુંડળી મેળવવા ઉપરાંત બંને પાત્રોની મેડિકલ રિપોર્ટસ પણ મેળવવા જોઈએ. જો બંને પાત્ર થેલેસેમિયા માઈનોર હોય તો ગમે તેટલા ગ્રહો મળતા હોય છતાં તેમણે લગ્ન ના કરવા જોઈએ."
>
> **- સુકેતુ મહેતા, થેલેસેમિયા જાગૃત કાર્યકર**

# PM સાહેબ હવે તો બસ કરો, ગાંધીનગરમાં થોડાં સિનિયર ઓફિસરોને રહેવા દો, જૂનિયર બહું થયાં

**ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત**

ગુજરાત સરકારમાંથી પ્રતિનિયુક્તિ પર નવી દિલ્હી જતાં સિનિયર અધિકારીઓ પછી ગુજરાત સરકારના વિભાગોમાં સિનિયરોની અછત સર્જાઇ રહી છે. ગુજરાતના ટોચના ઓફિસરો નવી દિલ્હીમાં હાલ ફરજ પર છે પરંતુ હજીય બીજા ઓફિસરોની ડિમાન્ડ વધી હોવાથી એક અધિકારીએ કોમેન્ટ કરતાં કહ્યું હતું કે- 'મોદી સાહેબ હવે બસ કરો, થોડાં સિનિયર ઓફિસરો ગાંધીનગરમાં રહેવા દો, નહીં તો વહીવટી તંત્ર ઠપ્પ થઇ જશે.' ગુજરાતમાં જૂનિયર ઓફિસરોની માત્રા એકદમ વધી ગઇ છે અને સિનિયરોની તંગી સર્જાઇ છે. સરકારી નોકરીમાં ડેપ્યુટેશન મહત્વનું હોય છે પરંતુ એટલી હદ સુધી ન હોવું જોઇએ કે કાબેલ ઓફિસરો વિના ખુદ સરકાર હેલ્પલેસ બની જાય.. ટોચના ઓફિસરોમાં જોઇએ તો પી.કે.પુજારી, રિટા તેવટિયા, હસમુખ અઢિયા, તપન રે, અમરજીત સિંઘ, અતનુ ચક્રવર્તી, ગિરીશચંન્દ્ર મુર્મુ, ગુરુપ્રસાદ મોહાપાત્ર, રાજકુમાર, આર.પી. ગુપ્તા, એ.કે.શર્મા, અનિતા કરવલનું પોસ્ટીંગ હાલ દિલ્હીમાં છે. હવે કે.શ્રીનિવાસ પણ દિલ્હી જાય છે...

### મહેસૂલમાં શ્રીનિવાસના અનુગામી કોણ? એ પ્રશ્ન ટોક ઓફ ધ સચિવાલય

**મહેસૂલ અને શહેરી વિકાસ પર નજર છે...**

ગુજરાતના મહેસૂલ વિભાગના ચીફ કોણ બનશે તે એક મોટો સવાલ આવ્યો છે, કારણ કે હાલના મહેસૂલ વિભાગના અગ્ર સચિવ કે.શ્રીનિવાસનું પોસ્ટીંગ નવી દિલ્હીમાં થયું છે. સચિવાલયમાં ચર્ચા ચાલે છે કે શ્રીનિવાસના અનુગામી તરીકે પંકજકુમારનું નામ ટોચ પર છે. તેમના પછી સંજયપ્રસાદ, રાજગોપાલ અને જો દિલ્હી જવાનું ન થાય તો પી.ડી.વાઘેલાનું નામ ચર્ચામાં છે. આ સાથે મુકેશ પુરી પણ લાઇનમાં હોવાનું કહેવાય છે. ઉદ્યોગ વિભાગના અગ્ર સચિવ એમ.કે.દાસની તાજેતરમાં થયેલી નિયુક્તિ કર્યા પછી ગુજરાત સરકારમાં આ પોસ્ટ અતિ મહત્વની માનવામાં આવે છે. સરકારમાં બીજી મહત્વની પોસ્ટ શહેરી વિકાસના ચીફ ની છે. સચિવાલયના સૂત્રો કહે છે કે સરકાર હાલના અધિક મુખ્ય સચિવ પુનમચંદ પરમારની પણ ટ્રાન્સફર કરવા માગે છે તેથી આ પોસ્ટ પર કોણ આવે છે તે મહત્વનું છે. મહેસૂલ અને શહેરી વિકાસ વિભાગ એવા બે વિભાગો છે કે જે મુખ્યમંત્રી હોવા છતાં આનંદીબહેન પટેલે છેક સુધી પોતાની સાથે રાખ્યા હતા.

**હવે રાજકારણ પણ યુવાન બની શકે છે...**

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે યુવા અને મહિલા મતદારોની સંખ્યા વધુ જોવા મળે તો નવાઇ પામવા જેવું નથી, કારણ કે બન્ને પાર્ટીના લિડરોએ વિધાનસભાની બેઠકના ઉમેદવાર તરીકે યુવા નેતાઓની શોધ શરૂ કરી છે. ગુજરાતની બ્યુરોકેસી જવાન બની છે, ગુજરાતનું પ્રાઈવેટ પ્લેસમેન્ટ જવાન છે. પ્રાઈવેટ નોકરીઓમાં આપણને યુવાન અને યુવતિઓ નજરે પડે છે. બેન્કિંગ સહિતની સર્વિસમાં પણ યુવાનોની માત્રા વધી ગઇ છે ત્યારે યુવાન નેતાઓની પણ ગુજરાતને જરૂર છે. એવું માનવામાં આવે છે કે ૧૮૨ ઉમેદવારો પૈકી ૯૦ એટલે કે ૫૦ ટકા ઉમેદવારોની વયમર્યાદા ૪૫ વર્ષ સુધીની હોઇ શકે છે. ભાજપે તો પ્રયાસ શરૂ કરી દીધા છે અને હવે કોંગ્રેસ પણ એ દિશામાં વિચારી શકે છે.

**ગુજરાતનું વહીવટી કેન્દ્ર નવી દિલ્હી છે...**

ગુજરાત સરકારમાં ફરજ બજાવતા ત્રણ ડઝનથી વધારે સિનિયર આઇએએસ ઓફિસરો દિલ્હીમાં સેટ થયા છે. આ ઓફિસરો મોદી સરકારમાં ફરજ બજાવી રહ્યાં છે. હાલ એવું કહી શકાય છે કે નવી દિલ્હીમાં અને ખાસ કરીને પીએમઓમાં ગુજરાતી ઓફિસરોનો દબદબો છે. હમણાં જ અનિતા કરવલ દિલ્હી ગયા છે. હવે કે.શ્રીનિવાસ દિલ્હી જવાના છે. બીજા ત્રણ ઓફિસરોનું એમ્પેલલમેન્ટ થયું છે. હજી ગુજરાતના ૬ ઓફિસરો એવાં છે કે જેઓ દિલ્હી ડેપ્યુટેશનની રાહ જોઇ બેઠાં છે. સિનિયર ઓફિસરોમાં ગુજરાત ખાલી થઇ રહ્યું છે. એક સિનિયર ઓફિસરે કહ્યું હતું કે ગુજરાત સરકારને પ્રત્યેક બાબતે દિલ્હીનો અભિપ્રાય લેવો પડતો હોય છે તેથી અમને એવું લાગે છે કે ગુજરાત સરકારનો વહીવટ હવે ગાંધીનગરથી નહીં પણ નવી દિલ્હીથી થાય છે.

**કર્મયોગી તાલીમ હવે વિસરાઇ ચૂકી છે...**

ગુજરાતમાં ૨૦૦૩માં શરૂ થયેલી કર્મયોગીની તાલીમ વિસરાતી જાય છે. મોદીના દિલ્હી ગયા પછી કર્મયોગીની તાલીમ આપવા માટેનું એવું મજબૂત તંત્ર રહ્યું નથી, પરિણામે સરકારી કચેરીઓમાં રાબેતા મુજબ હોતી હે ચલતી હે...નો માહોલ જોવા મળી રહ્યો છે. સચિવાલયમાં ફાઇલોની મુવમેન્ટ ધીમી પડી છે. નવા આવેલા કર્મચારીઓને ફાઇલમાં નોટીંગ કેવી રીતે કરવું તેનું જ્ઞાન ઓછું છે તેથી ફાઇલ ચર્ચામાં મૂકી રાખવાના કિસ્સા વધી રહ્યાં છે. સચિવાલયમાં અરજદારોના ધક્કા વધી ગયા છે. એકનું એક કામ લઇને લોકો અવારનવાર આવે છે. આ સ્થિતિ બદલાશે નહીં તો એક દિવસ એવો આવશે કે તેની ગંભીર અસર સરકારના વહીવટી તંત્ર પર થશે. સરકારી યોજનાની પૂર્તિ માટે પહેલાં જે આદેશ અપાતા હતા તેનું પાલન ત્વરીત ગતિએ થતું હતું પરંતુ હવે એવું રહ્યું નથી. ગાંધીનરથી છૂટેલા આદેશને જિલ્લાનું વહીવટી તંત્ર ઘોળીને પી જાય છે અને ફાઇલ મહિનાઓ સુધી મૂકી રાખવાની આદત શરૂ થઇ છે જે પહેલાં બનતું ન હતું.

### કર્મયોગીની તાલીમ ભૂલાઇ ગઇ છે, સરકારી કચેરીઓમાં જૈસે થે ની સ્થિતિ

**ઓનલાઇન ફાઇલ ટ્રેકિંગની સિસ્ટમ જરૂરી છે...**

ચૂંટણી નજીક આવતી જાય છે ત્યારે અરજદારો માટે સચિવાલયમાં પ્રવેશ આસાન બન્યો છે. આમ પણ મુખ્યમંત્રી વિજય રૂપાણી એવું સમજે છે કે કોઇ મુલાકાતી ગાંધીનગરની મુલાકાત કામ હોય ત્યારે જ લેતો હોય છે ત્યારે તેનું કામ થાય કે નહીં તે નહીં પણ તેની મુલાકાત થાય તે મહત્વનું છે. રૂપાણી તમામને મળે છે અને શાંતિથી સાંભળે છે. જો કે સરકારમાં ફાઇલ ટ્રેકિંગ સિસ્ટમનો અભાવ છે. બીજા રાજ્યોમાં મુખ્યમંત્રીએ ફાઇલ ટ્રેકિંગ સિસ્ટમ ઓનલાઇન બનાવી છે તેવી સિસ્ટમની ગુજરાતને ખાસ જરૂર છે. આરોગ્યમંત્રી તરીકે જયનારાયણ વ્યાસ હતા ત્યારે તેમણે તેમના રોજબરોજના મુલાકાતી માટે ઓપીડી જેવી સિસ્ટમ કાર્યરક કરી હતી અને મુલાકાતીઓના પ્રશ્નો કે તેમની રજૂઆતો કોમ્પ્યુટરમાં નોંધાતી હતી. મુલાકાતીને તેમની ફાઇલની મુવમેન્ટ પળવારમાં મળી જતી હતી. સચિવાલયમાં કેબિનેટના મંત્રીઓએ આવી સિસ્ટમ અમલમાં મૂકવી જોઇએ કે જેથી મુલાકાતીને વિભાગોના ચક્કર કાપવા પડે નહીં.

**સચિવાલયના આદેશોનું જિલ્લામાં પાલન નહીં...**

સચિવાલયથી છૂટેલા આદેશનું જિલ્લામાં પાલન થતું નહીં હોવાની ફરિયાદો સરકારને મળી છે. ઉપરથી લેવાયેલા નિર્ણયોનો અમલ કરવામાં જિલ્લાની વહીવટી કચેરીઓ ઉણી ઉતરે છે. સરકારનો આદેશ કોઇને કોઇ બહાને રિજેક્ટ કરતા હોય છે. મુખ્યમંત્રીના ધ્યાન પર આવી વિગતો આવી છે તેથી તેમણે જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી સહિતના અધિકારીઓને જણાવી દીધું છે કે ગાંધીનગરથી લેવાયેલા કોઇ નિર્ણયનું પાલન સમયસર કરવાનું રહેશે. આ કામગીરીમાં કોઇ કર્મચારી કે અધિકારી વિલંબ કરશે તો તેને ખુલાસો પૂછવામાં આવી શકે છે. ઉદ્યોગ વિભાગની એક ફાઇલમાં ઉપલા લેવલે એક નિર્ણય લેવાયો હતો જેને જિલ્લા કચેરીમાં ત્રણ મહિના સુધી મૂકી રાખવામાં આવ્યો હતો. સરકારે આ નિર્ણયની પૃછા કરતાં અનેક કારણો બતાવી દેવામાં આવ્યા હતા. અહીં તાલુકા સરકારનો કન્સેપ્ટ ફેઇલ ગયો હોય તેમ લાગે છે.

### બ્યુરોક્રેસીમાં જવાનીનું જોશ, હવે પોલિટીક્સમાં પણ યુવા ફોજ તૈયાર થશે

**કોંગ્રેસના નેતાઓને ટેન્શન પણ થાય છે...**

ગુજરાતમાં જ્યારે જ્યારે અમિત શાહ આવ્યા છે ત્યારે ત્યારે કોંગ્રેસ સતત ટેન્શનમાં હોય છે, કારણ કે કોંગ્રેસના નેતાઓ સાથે તેઓ હવે ડાયરેક્ટ વાતો કરે છે અને ઓફરો પણ કરતા હોય છે. ૨૦૧૨ અને ૨૦૧૪માં બનેલી ઘટનાઓ નજર સામે છે. ૨૦૧૭માં કોંગ્રેસના ક્યા ક્યા નેતાઓને અમિત શાહે ઈજન આપ્યું છે તેનું એક લિસ્ટ કોંગ્રેસના હાઇકમાન્ડે તૈયાર કર્યું છે. આ લિસ્ટ પ્રમાણે કોંગ્રેસના સિનિયર નેતાઓ તેમના સાથીદારોને મનાવવાના કામમાં લાગી ગયા છે. હજી તો સાત મહિના ભારે છે. કોંગ્રેસના નેતાઓ દર મહિને ટેન્શન કરે તેવો પ્લાન ઘડાયો છે. આ મહિનામાં અમિત શાહની સવારી આવી રહી છે ત્યારે કોંગ્રેસને ફાળ પડી છે અને એવો પ્રશ્ન પૂછાય છે કે અમારામાંથી કોણ ભાજપનો ખેસ પહેરશે?.. ગુજરાતમાં આવો છે અમિતભાઇનો ડર... ગુજરાત કોંગ્રેસ પહેલાં એકલા નરેન્દ્ર મોદીથી ડરતી હતી પણ હવે અમિત શાહનો પણ ડર લાગે છે.

**મારો આદેશ એ આખરી છે- તેવું કોણે કહ્યું છે...**

ગુજરાતમાં રાજકીય ઈચ્છાશક્તિ હોય તો લોકોના સચિવાલયના ધક્કા ઓછા થઇ શકે છે. લોકોને તેમના કામ થયાનો સંતોષ મળતો હોય છે. ગુજરાતમાં એવાં ત્રણ નેતાઓ અને એક અધિકારી થઇ ગયા કે જેમનો પડ્યો બોલ ઝિલાતો હતો. આખું વહીવટી તંત્ર તેમના નામથી ફફડતું હતું. આવા નેતાઓમાં એક હતા ચીમનભાઇ પટેલ. તેઓ મુખ્યમંત્રી હતા ત્યારે કહેતા હતા કે ચીમનભાઇ બોલે તે જીઆર... મારે આ કામ ૨૪ કલાકમાં પૂર્ણ જોઇએ... એવા બીજા નેતા શંકરસિંહ વાઘેલા હતા. તેમના કાર્યકાળમાં તેમણે અધિકારીઓને જે આદેશ આપ્યા હતા તેનું સમયસર અક્ષરસહ પાલન થયું છે. ત્રીજા નેતા તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી છે. તેઓ જ્યાં સુધી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે રહ્યાં ત્યાં સુધી તેમના આદેશનું ખૂબ ઝડપથી પાલન થયું છે. ઓફિસરોમાં ચીફ સેક્રેટરી તરીકે એચ.કે.ખાન હતા કે જેમનો પડ્યો બોલ વહીવટી તંત્રમાં ઝિલાતો હતો. ચીફ મિનિસ્ટરની અદાથી તેઓ મુલાકાતીઓ કે રજૂઆતકર્તાઓના પ્રશ્નો સોલ્વ કરી શકતા હતા. ગુજરાતનું વહીવટી તંત્ર આવું પણ હતું, કે જ્યાં ઝડપ સિવાય વાત ન હતી.